# પહેલા ૪૦૦ વર્ષમાં ખ્રિસ્તી માર્ગનો ફેલાવો.

**બાળકોને ભણાવનારે સ્ટડી H4b નો અભ્યાસ કરવો.**

**૧. તમારા ટોળાને ખ્રિસ્તી માર્ગનો ઈતિહાસ શીખવવા માટે પ્રાર્થના અને વચન દ્વારા તૈયાર બનો.**

**પ્રાર્થના** : વહાલા પ્રભુ ઈસુ, ઈતિહાસ ઉપરથી તમે આ પૃથ્વી ઉપર શું કરો છે તે સમજવામાં અમારી સહાય કરો.

**નોંધ :** ઈસુના મરણ અને પુનરુત્થાન પછીના ૪૦૦ વર્ષમાં ખ્રિસ્તી વિશ્વાસ રોમન પ્રાન્તના દરેક શહેરો જે એશિયા અને યુરોપમાં હતા તેમાં ફેલાયો. ઘણી વખત રોમન સત્તાધિશોએ ખ્રિસ્તી માર્ગનો વિરોધ કર્યો અને ઘણા ખ્રિસ્તીઓને મારી નાખ્યા. આમ છતાં ખ્રિસ્તની સુવાર્તા ઈસુના વચન પ્રમાણે ફેલાતી જ ગઈ.

**માત્થી ૨૪ :૧૪; ૨૮ :૧૮ અને પ્રે.કૃ. ૧ :૮**માં ઈસુએ તેની સુવાર્તા વિશે શું કહ્યું છે તે જૂઓ.

- ક્યા દેશો અને જાતિઓ સુવાર્તા સાંભળશે ? (માત્થી ૨૪ :૧૪)
- જગતના અંત પહેલા શું થવાની અગત્ય છે ? (માત્થી ૨૪ :૧૪)
- આપણ વિશ્વાસીઓને અન્ય જાતિઓમાં સુવાર્તા માટે મોકલવાનો કોને અધિકાર છે ? (૨૮ :૧૮)
- આપણે ક્યાં જઈને ઈસુના નવા શિષ્યો બનાવવાના છે ? (૨૮ :૧૯)
- સુવાર્તાનો ફેલાવો ક્યાં સુધી થશે ? (૨૮ :૨૦)
- ઈસુએ સાક્ષીરૂપ થવા ક્યાં જવાની આજ્ઞા આપી ? (પ્રે. ૧ :૮)

**પ્રે.કૃ. ૭ :૫૯ થી ૮ :૫** ખ્રિસ્તી માર્ગ મિશનેરીઓ વગર કેવી રીતે ફેલાયો.

- સ્તેફન જેવા કેટલાક લોકોનું શું થયું ? (૭ :૫૯,૬૦)
- યરૂશાલેમની મંડળીનું શું થયું ? (૮ :૧)
- ખ્રિસ્તીઓ ક્યાં ગયા ? (૧)
- ઘરની મંડળીઓના લોકોને શાઉલ શું કરતો હતો ? (૩)
- બીજા શહેરોમાં ખ્રિસ્તીઓ શું કરતા હતા ? (૪,૫)

**નોંધ :** શાઉલ પાછળથી બદલાણ પામ્યો અને મિશનેરી બન્યો તેણે તેનું નામ પાઉલ કર્યું. સતાવણી બે પ્રકારની છે. ધિક્કારનાર લોકો મારફતે ખ્રિસ્તીઓની ગુનાહિત હિંસા થતી અને બીજું, ખ્રિસ્ત ઉપરના પ્રેમને કારણે કાયદેસર સતાવણી.


**પ્રેકૃ. ૧૪ :૨૧ -૨૩** મિશનેરીઓએ કેવી રીતે સુવાર્તાનો ફેલાવો કર્યો.

- કેવા પ્રકારના સ્થળોએ મિશનેરીઓ ગયા ? (૨૧)
- તે શહેરોમાં તેમણે શું કર્યું ? (૨૨)
- તેમના સંદેશાનો વિષય શો હતો ? (૨૩)
- દરેક શહેરમાં તેમમે કેવી મંડળીઓ ઊભી કરી ? (૨૩)
- તે મંડળીઓને કેવા આગેવાનોની સેવા મળી ? (૨૩)
- તજાએલા લોકો બાબતો દેવની પ્રતિજ્ઞા કઈ છે ?(૨૧)

**પ્રેકૃ. ૧૫ : ૧૮-૨૧** માં પ્રેરિત પાઉલ પોતાના સુવાર્તિક કાર્ય વિષે શું લખે છે.

- ખ્રિસ્તને આજ્ઞાધીન કોણ બન્યું ?(૧૮)
- પાઉલનું કાર્ય શું હતું ? (૧૯)

- યરુશાલેમથી તે ક્યાં ગયો ? (૧૯)
- તે કેવા પ્રકારના સ્થળો જવાનું વધુ શોધતો હતો ? (૨૦)
- ત્યજાયેલા લોકો વિષે ઈશ્વરનું ક્યું વચન છે ? (૨૧)




રોમન સામ્રાજ્યના દરેક પ્રાંતોમાં ખ્રિસ્તની સુવાર્તા પ્રસરી. જ્યારે ખ્રિસ્તીઓને બીજા દેશોમાં ગુલામ તરીકે લઈ જવામાં આવ્યા ત્યારે તે પડોશના પ્રદેશોમાં પણ પ્રસરી. અવિશ્વાસી અધિકારીઓ દ્વારા ખ્રિસ્તી લોકોની સતાવણી થતી હતી છતાં મોટા ભાગનો સામ્રાજ્યનો પ્રદેશ ખ્રિસ્તી બન્યો કારણ કે :

- ખ્રિસ્તીઓ ગર્ભપાતનો વિરોધ કરતા, જે સ્ત્રીની તંદુરસ્તીનું રક્ષણ કરનારી બાબત હતી.
- ખ્રિસ્તીઓ બાળ હત્યાનો વિરોધ કરતા, તેથી બાળકોની વૃદ્ધિ થતી.
- ખ્રિસ્તી લોકો માંદાઓની માવજાત કરતા જેથી ઘણાં બચી જતા.
- ખ્રિસ્તીઓ સ્ત્રી સન્માનની જાળવણી કરતા જેથી તેમને મોભો અને રક્ષણ પ્રાપ્ત થતું.
- ખ્રિસ્તીઓ અનાથ અને વિધવાને આવકારતા.
- ખ્રિસ્તીઓ જુદી જુદી સંસ્કૃતિઓ વચ્ચે સમાનતાને આવકારતા અને ગ્રામ્ય વસ્તીનું એકીકરણ કરતા.
- ખ્રિસ્તીઓ લગ્નોમાં વિશ્વાસુ રહેતા જેથી સંતાનોની વૃદ્ધિ થતી અને આયુષ્યનો દર લંબાતો.
- જીવન પ્રત્યેનો ખ્રિસ્તીઓનો અભિગમ માનપાત્ર હતો જેથી માનવ મૂલ્યોની ઉચ્ચતા સ્થાપાતી.
- ખ્રિસ્તીઓ નવા કરારનું અનુસરણ કરતા. કૃપા અને પવિત્ર આત્માની દોરવણીનું જીવન જીવતા.

## ઉલ્ફાસ અને ગોથ પ્રજા

પહેલી ચાર સદીઓમાં રોમન સામ્રાજ્યની બહાનરી પ્રજાઓ રોમન વિસ્તારોમાં આવીને વસવા લાગી. ગોથ પ્રજાના લૂંટારાઓ ઉલ્ફાસ નામના એક રોમન જુવાનને પકડીને ડેન્યુબ નદીના કાંઠે આવેલ રૂમાનીયામાં લઈ ગયા ત્યાં તે ખ્રિસ્તી બન્યો. પાછળથી ગોથ લોકોએ તેને અભ્યાસ કરવાની રજા આપી અને તે તૂર્કીના કોન્સ્ટન્ટીનોપલમાં બિશપ તરીકે સમર્પિત થયો. ઉલ્ફાસ પાછો ગોથમાં આવ્યો અને તે પ્રજાની રહેણી કરણી તેણે સ્વીકારી લીધી. તેણે ચાલીસ વરસ ત્યાં સુવાર્તાપ્રચાર કર્યો અને વેગનમાં બેસીને નગરે નગરે તેણે મહેનત કરી. ઈ.સ. ૩૮૨માં તે મરણ પામ્યો ત્યાં સુધીમાં તેણે ગોથ પ્રજાને લિપિ જ્ઞાન આપ્યું અને બાઈબલનો મોટો ભાગ તેમની ભાષામાં તેણે અનુવાદિત કર્યો. જ્યારે ઈ.સ. ૪૧૦માં ગોથ પ્રજાએ રોમન સામ્રાજ્યને જીતી લીધું ત્યારે મોટાભાગના ગોથ લોકો ખ્રિસ્તી હતા. બિનખ્રિસ્તીઓ કબૂલ કરતા કે ગોથ લોકો બીજાની સંપતિને મૂલ્યવાન માનતા અને ઊંચા નૈતિક મૂલ્યો તેઓની પાસે હતા.

## ઈ.સ. ૩૧૩



ઈ.સ. ૩૦૦ સુધીમા તો સામ્રાજ્યમાં ખૂબ વિશાળ ભાગ ખ્રિસ્તી હતો. જેથી રોમ સત્તાએ ખ્રિસ્તીઓની સતાવણી બંધ કરી. સમ્રાટ કોન્સ્ટન્ટીને સહનશિલતાનો કાયદો જાહેર કર્યો અને ખ્રિસ્તી ધર્મને કાયદેસર ધર્મ તરીકે અપનાવ્યો. જો કે આની ખ્રિસ્તી માર્ગ ઉપર કુઅસરો પડી :

- ચર્ચો અવિશ્વાસી ખ્રિસ્તીઓથી ઉભરાવા લાગ્યા, જેને કારણે મંડળીઓમાં જીવન દેખાતુ બંધ થયું.
- ખ્રિસ્તી ચર્ચોએ રોમન સાંસ્કૃતિક બાબતો અપનાવી.
- બિન રોમ દેશોમાં રહેતા ખ્રિસ્તીઓ પ્રત્યે દેશદ્રોહી તરીકેની શંકાઓ થવા લાગી.
- ચર્ચના આગેવાનોએ બિન રોમન લોકોને બાપ્તિસ્મા આપવા માટે રોમન સંસ્કૃતિ અપનાવવાની લાયકાત નક્કી કરી.
- ચર્ચ આગેવાનો ઈશ્વરવિદ્યા અને રાજકીય સત્તા વિષે વિવાદો કરવા લાગ્યા.

### ૨. સાથીદારો સાથે આવનાર અઠવાડિયાની પ્રવૃતિઓનું આયોજન

સેકશનમાંનું પ્રવૃતિઓનું લીસ્ટ સાથે મળીને વાંચો. પહેલા ચારસો વર્ષનો ઈતિહાસ ભાગ ૧ માંથી વાંચો. આમાની ૧. એક કે બે પ્રવૃત્તિઓ પસંદ કરો અને તમે તથા વિશ્વાસીઓ આવી જ બાબતો તમારા સમાજમાં કેવી રીતે કરશો તેનું આયોજન કરો.

તમે જેમને તાલિમ આપો છો તેવા શીખાઉ પાળકોને મળો અને તેમને આ અભ્યાસમાંથી પ્રાચિન મંડળીનો ઈતિહાસ શીખવો અથવા તેમની જર-રિયાત મજુબ અન્ય શિક્ષણ આપો. PTLT મેનુનો ઉપયોગ કરો.

### ૩. આવનારી ભજનસેવા વિષે તમારા સાથીદારો સાથે આયોજન કરો.

પ્રેરિતોએ સુવાર્તિનો ફેલાવો કર્યો તે શાસ્ત્રભાગ ઉપર ભાગ -૧માંથી વિશ્વાસીઓ પાસે વંચાવો અને સમજાવો કે પહેલા ચારસો વર્ષમાં વિશ્વાસીઓએ સાથે મળીને કેવી રીતે સુવાર્તાનો ફેલાવામાં મદદ કરી.

- વિશ્વાસીઓ સુવાર્તા વિષે કેવી રીતે શીખ્યા તેની સાક્ષીઓ તેમને આપવા દો.
- બાળકોએ તૈયાર કરેલ નાટક તેમને રજુ કરવા દો.
- મેજની સેવા માટે પ્રક. ૩ :૨૦ વાંચો અનેટૂંકાણમાં ‘‘બારણા’’ વિષે સમજાવો.
- માત્થી ૨૪ :૧૪ **મુખપાઠ કરો.**
- બે કે ત્રણના ગ્રુપમાં વિશ્વાસીઓ પ્રાર્થના, આયોજન અને ઉત્તેજનની પ્રવૃત્તિઓ કરે.

Copyright © 2004 by Paul- Timothy. May be freely copied.
Download from www. Paul-Timonthy.net